સુરત મહાનગરપાલિકા

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## પ્રેસનોટ

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં ફા.ટી.પી. સ્કીમ નં. ૦૭ (આંજણા) ફા.પ્લોટ નં. ૧૮૮ પૈકીમાં માનદરવાજા ટેનામેન્ટના બિલ્ડીંગ નં. બી-૧ થી બી-૩ તથા સી-૧ થી સી-૯ મળી કુલઃ-૧૨ બિલ્ડીંગોમાં આવેલ કુલઃ-૯૯૨ ફ્લેટોના વસવાટ ખાલી કરી સીલ મારવા બાબત.

ફા.ટી.પી. સ્કીમ નં. ૦૭ (આંજણા) ફા.પ્લોટ નં.૧૮૮ પૈકીમાં આવેલ માનદરવાજા ટેનામેન્ટના જર્જરીત ભાગ અવર-નવર તુટી પડવાના બનાવો બનતા આવેલ છે. જેમાં આજ દિન સુધી કોઈ જાનહાની થયેલ નથી. પરંતુ ભવિષ્યમાં આ પ્રકારનો અકસ્માત થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. માનદરવાજા ટેનામેન્ટના બિલ્ડીંગ નં. બી-૧ થી બી-૩ તથા સી-૧ થી સી-૯ મળી કુલઃ-૧૨ બિલ્ડીંગો જે ગ્રા.ફ્લોર + ત્રણમાળના માળખુ ધરાવે છે. જેમાં આવેલ કુલઃ-૯૯૨ ફ્લેટો ખુબ જર્જરીત હાલતમાં હોય ટેનામેન્ટવાસીઓને વર્ષ ૨૦૧૭ થી આજદીન સુધી વખતો વખત વસવાટ ખાલી કરવાની કાયદાકીય નોટીસો પાઠવવામાં આવેલ છે. સદર ટેનામેન્ટમાં અત્રેથી અવર-નવર ટેનામેન્ટવાસી તથા જાહેર જનતાની જાગૃતિ માટે સ્થળ પર બેનરો પ્રસિધ્ધમાં આવેલ છે. તેમજ જાહેર સભાયોજી ટેનામેન્ટ વાસીઓને વસવાટ ખાલી કરવા તથા સલામત સ્થળે શીફટ થઇ જવા સમજુત કરવામાં આવેલ છે. ટેનામેન્ટવાસી ધ્વારા જર્જરીત થયેલ સદર ફ્લેટો ખાલી કરવામાં ન આવતા સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન ધ્વારા તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ નોટીસ પાઠવી દિન-૦૭ નો સમય આપી ખાલી ન કરવામાં આવે તો પાણી તથા ગટરના જોડાણ દુર કરવાની ચેતવણી આપવામાં આવેલ. સદર ટેનામેન્ટવાસી ધ્વારા ફ્લેટો ખાલી ન કરી, નોટીસનો અમલ કરવામાં ન આવેલ જેથી તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ સદર ૧૨ બિલ્ડીંગોના પાણીના જોડાણ સુરત મહાનગરપાલિકા તરફથી કાપી નાખવામા આવેલ ત્યારબાદ ૦૨ દિવસ વસવાટ ખાલી કરવા માટે ૯૯૨ ફ્લેટ હોલ્ડર્સો/કબ્જેદારોને સમય આપવામા આવેલ જેથી ૧૫૨ ફ્લેટ હોલ્ડર્સો/કબ્જેદારો તરફ થી તા.૦૯ અને ૧૦ રોજ વસવાટ ખાલી કરી અન્ય વૈકલ્પિક સ્થળે ચાલ્યા ગયેલ છે. જ્યારે આજ રોજ તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ ટેનામેન્ટનો બી-૧ થી બી-૩ તથા સી-૧ થી સી-૯ મળી કુલ ૧૨ બિલ્ડીંગોમાં કુલઃ-૭૬૮ ફ્લેટોના વસવાટ ખાલી કરી સીલ મારવાની કામગીરી કરવામા આવેલ છે. જેમાં મહદઅંશે માલિકો/ કબ્જેદારો તરફથી સ્વેચ્છિક વસવાટ ખાલી કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં વોર્ડ નં. ૨૦ ના મ્યુ. સભ્યશ્રી દ્વારા સદર ટેનામેન્ટોમાં ટેનામેન્ટવાસીઓને સુરક્ષિત સ્થળે ખસી જવા સમજ આપવામાં આવેલ છે. આમ તેઓ તરફથી વસવાટ ખાલી કરવામાં સારૂ યોગદાન આપેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના ઝોનલ ચીફ અને ડે.કમિશ્નરશ્રીના અધ્યક્ષ સ્થાને, કાર્યપાલક ઈજનેર ના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ બંદોબસ્ત સ્ટાફ પોલિસ ઇન્સ્પેકટર- 04, પોલિસ સબ ઇન્સ્પેકટરઃ-૧૪, પોલિસ કોન્સ્ટેબલ મહિલા અને પુરુષઃ-૨૫૮, પોલીસ સ્ટાફનું બ્રીજનર વાહન નંગ-03, વજ્ર વાહન નંગ -૦૧ પણ સદર કામગીરીમાં લેવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગના માર્શલ મહિલા અને પુરુષઃ-૫૦, ઝોન કચેરીના ડેપ્યુટી ઇજનેરઃ- ૦૬ સહિત આસી.ઇજનેર, સુપરવાઇઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ, વાયરમેન, ફિટર અને બેલદાર સહિત કુલઃ-૧૧૫, શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા પાણી વિભાગ ટેકનીકલ સ્ટાફ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે. સદર કામગીરી કોઇપણ પ્રકારના ઘર્ષણ વગર કાયદા અને વ્યવસ્થા જળવાઇ તે પ્રમાણે શાંતીપુર્વક રીતે પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૧૨૧